POSITIVE DISEASES

# Positive disease

1st Floor, Akshar Arcade, Avani Chowkdi road, Morbi.

DATE

21/12/2025



## Demand for a ceramic research-training center equivalent to CGCRI in Morbi

Positive Morbi: Morbi Ceramic Association and Panchal Ceramic Association Development Trust-Thangad held a joint meeting with CSIR-CGCRI, Kolkata. During the meeting, ceramic industrialists seriously complained that despite Morbi being the second largest ceramic manufacturing hub in the world, there is no research center or training facility here. Approximately 90 percent of the country's total ceramic production is provided by the Morbi cluster, yet the necessary infrastructure for scientific research, new technology, quality improvement and manpower development is not available here. The industrialists said that to survive in the tough competition at the global level, especially with China, CGCRI equivalent research, testing and training is needed in Morbi. The center has become indispensable. In this meeting, it was said that the role of the institution is important for raw material evaluation, quality control, production cost reduction, energy efficiency, technology transfer, import substitution and export promotion. At the end of the meeting, CSIR-CGCRI Director Prof. Bikramjit Basu assured to propose to the Central Government to start lab testing facilities in Morbi at the initial stage and allocate necessary equipment. However, the industrialists said that only equipment is not enough and demanded to start a fully functional research and training center with a team of scientists. This meeting is being seen as an important initiative for the long-term development of the Morbi Ceramic Cluster and increasing its global competitiveness.



# Positive Morbi

1st Floor, Akshar Arcade, Avani Chowkdi road, Morbi.

DATE 21/12/2025




## મોરબીમાં CGCRI સમકક્ષ સિરામિક રિસર્ચ-ટ્રેનિંગ સેન્ટરની માંગ

પોઝિટિવ મોરબી: મોરબી સિરામિક એસોસિએશન તથા પંચાળ સિરામિક એસોસિએશન વિકાસ ટ્રસ્ટ-થાનગઢ દ્વારા CSIR-CGCRI, કલકત્તા સાથે સંયુક્ત બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન સિરામિક ઉધોગકારોએ મોરબી વિશ્વનું બીજા નંબરનું સૌથી મોટું સિરામિક મેન્યુફેક્ચરિંગ હબ હોવા છતાં અહીં કોઈ રિસર્ચ સેન્ટર કે ટ્રેનિંગ સુવિધા ન હોવાની ગંભીર રજૂઆત કરી હતી. દેશના કુલ સિરામિક ઉત્પાદનનો અંદાજે 90 ટકા હિસ્સો મોરબી ક્લસ્ટર દ્વારા પૂરું પાડવામાં આવે છે છતાં વૈજ્ઞાનિક સંશોધન, નવી ટેકનોલોજી, ગુણવત્તા સુધારણા અને માનવશક્તિ વિકાસ માટે જરૂરી માળખું અહીં ઉપલબ્ધ નથી. ઉધોગકારોએ જણાવ્યું હતું કે વૈશ્વિક સ્તરે ખાસ કરીને ચીન સાથેની કઠિન સ્પર્ધામાં ટકી રહેવા માટે મોરબીમાં CGCRI સમકક્ષ રિસર્ચ, ટેસ્ટિંગ અને ટ્રેનિંગ સેન્ટર અનિવાર્ય બની ગયું છે. આ બેઠકમાં કાચા માલનું મૂલ્યાંકન, ગુણવત્તા નિયંત્રણ, ઉત્પાદન ખર્ચ ઘટાડો, ઊર્જા કાર્યક્ષમતા, ટેકનોલોજી ટ્રાન્સફર, આયાત અવેજી અને નિકાસ પ્રોત્સાહન માટે સંસ્થાની ભૂમિકા મહત્વપૂર્ણ હોવાનું જણાવાયું હતું. CSIR-CGCRIના ડિરેક્ટર પ્રો. બિક્રમજીત બાસુએ બેઠકના અંતે પ્રાથમિક તબક્કે મોરબીમાં લેબ ટેસ્ટિંગ સુવિધાઓ શરૂ કરવા તથા જરૂરી સાધનો ફાળવવા માટે કેન્દ્ર સરકારને દરખાસ્ત કરવાની ખાતરી આપી હતી. જોકે ઉધોગકારોએ માત્ર સાધનો પૂરતા નથી તેમ જણાવી વૈજ્ઞાનિકોની ટીમ સાથે સંપૂર્ણ કાર્યરત રિસર્ચ અને ટ્રેનિંગ સેન્ટર શરૂ કરવાની માંગ કરી હતી. આ બેઠકને મોરબી સિરામિક ક્લસ્ટરના દીર્ઘકાલીન વિકાસ અને વૈશ્વિક સ્પર્ધાત્મકતા વધારવા માટે મહત્વપૂર્ણ પહેલ તરીકે જોવામાં આવી રહી છે.

